પાટણ-સિદ્ધપુરની મદરસાઓમાં યુવકોનું બ્રેઇનવોશ, આઠ વખત બ્લાસ્ટ ટેસ્ટિંગ કર્યાનો ખુલાસો

ગુજરાતમાં જૈશ-એ-મોહમ્મદના ગુપ્ત મોડ્યુલનો પર્દાફાશ રાજ્યભરમાં 'ઓપરેશન સરહદ' હેઠળ તપાસ શરૂ

એટીએસ, એસઓજી અને અન્ય એજન્સીઓ એક્શનમાં; શંકાસ્પદ તત્ત્વો, જૂના રાષ્ટ્રવિરોધી ગુનેગારો અને સોશિયલ મીડિયા નેટવર્ક પર કડક નજર

(પ્રતિનિધિ) વડોદરા તા.26

(પ્રતિનિધિ) વડોદરા, તા.26:

ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ) દ્વારા પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ગુજરાતમાં સક્રિય એક ગુપ્ત મોડ્યુલનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. તપાસ દરમિયાન ઝડપાયેલા શંકાસ્પદ તત્ત્વો પાટણ, સિદ્ધપુર અને આસપાસના વિસ્તારોમાં રહી યુવકોનું બ્રેઇનવોશ કરીને તેમને આતંકવાદી પ્રવૃત્તિઓ તરફ વાળવાનો પ્રયાસ કરતા હોવાનું સામે આવ્યું છે. એટીએસના ખુલાસા બાદ રાજ્યભરમાં સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે.

તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓ મદરસાઓમાં જઈ ખાસ વિચારધારા ધરાવતા યુવકોનો સંપર્ક કરતા, તેમને ઉશ્કેરણીજનક સાહિત્ય અને પ્રવચનો દ્વારા પ્રભાવિત કરતા અને આતંકવાદી સંગઠન સાથે જોડાવા માટે પ્રેરિત કરતા હતા. તપાસ દરમિયાન મસૂદ અઝહરના સાહિત્ય, પત્રવ્યવહાર તેમજ અન્ય ડિજિટલ પુરાવા પણ મળી આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

એટીએસના જણાવ્યા મુજબ, સિદ્ધપુર નજીકના વિસ્તારમાં આતંકવાદીઓએ વિસ્ફોટક સામગ્રીના આઠ વખત ટેસ્ટિંગ કર્યા હોવાનું બહાર આવ્યું છે. ઉપરાંત, જરૂરી સામગ્રી પણ એકત્ર કરવામાં આવી હતી અને સૂચના મળતાં જ મોટી આતંકવાદી ઘટનાને અંજામ આપવાની તૈયારી ચાલી રહી હતી. મોબાઇલ ફોનમાંથી પાકિસ્તાન સ્થિત હેન્ડલરો સાથેની ચેટ, સંપર્ક નંબર અને અન્ય મહત્વના ડિજિટલ પુરાવા પણ મળી આવ્યા છે. તપાસમાં કાશ્મીર અને પાકિસ્તાન સાથેના સંભવિત સંપર્કોની દિશામાં પણ તપાસ આગળ વધી રહી છે.

આ સમગ્ર ઘટનાના પગલે ગુજરાત એટીએસે રાજ્યના તમામ જિલ્લાઓની એસઓજી, સ્થાનિક પોલીસ તેમજ કેન્દ્રની વિવિધ સુરક્ષા એજન્સીઓ સાથે મળીને 'ઓપરેશન સરહદ' શરૂ કર્યું છે. પાટણ, સિદ્ધપુર, પાલનપુર, ભરૂચ અને અંકલેશ્વર સહિત અનેક વિસ્તારોમાં શંકાસ્પદ લોકોની પૂછપરછ ચાલી રહી છે. અમદાવાદમાં રોકાયેલા આરોપીઓએ શહેરના વિવિધ સ્થળોની રેકી કરી હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે અને તેઓ સંપર્કમાં આવેલા લોકોની ઓળખ કરી પૂછપરછ કરવામાં આવી રહી છે.

સાથે જ છેલ્લા કેટલાક વર્ષોમાં રાષ્ટ્રવિરોધી અને રાજ્યવિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા તત્ત્વોની યાદી આધારે પણ ફરી તપાસ હાથ ધરવામાં આવી છે. સોશિયલ મીડિયા પર આતંકવાદી સંગઠનો સાથે સંકળાયેલી પોસ્ટ, નેટવર્ક અને સંપર્કોની પણ ચકાસણી કરવામાં આવી રહી છે. રાજ્યભરમાં શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર સતત નજર રાખી સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

સંવેદનશીલ વિસ્તારો પર ધ્યાન રાખવા સૂચના

સુરક્ષા એજન્સીઓએ રાજ્યના તમામ પોલીસ અધિકારીઓને શંકાસ્પદ હિલચાલ, ભાડાના મકાનોમાં રહેતા અજાણ્યા લોકો અને સંવેદનશીલ વિસ્તારો પર વિશેષ નજર રાખવા સૂચના આપી છે. સાથે જ નાગરિકોને પણ કોઈ શંકાસ્પદ વ્યક્તિ, પ્રવૃત્તિ કે વસ્તુ નજરે પડે તો તાત્કાલિક પોલીસ અથવા નજીકના કંટ્રોલ રૂમને જાણ કરવા અપીલ કરવામાં આવી છે.

કરજણની સાંઈ સર્જન સોસાયટીમાં કાદવ-કીચડથી ૮૦ પરિવારો પરેશાન

પાકા રસ્તાના અભાવે પાણી ભરાવા અને મચ્છરોનો ઉપદ્રવ વધ્યો

(પ્રતિનિધિ) કરજણ તા.26

કરજણ નગરપાલિકા વિસ્તારના ધાવટ રોડ પર આવેલી સાંઈ સર્જન સોસાયટીમાં ચોમાસા દરમિયાન ગંભીર સમસ્યાઓ સર્જાઈ છે. સોસાયટીમાં વસવાટ કરતા આશરે 70થી 80 પરિવારો કાદવ-કીચડ અને વરસાદી પાણીના ભરાવાને કારણે ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આંતરિક પાકા રસ્તાનું નિર્માણ ન થતાં સમગ્ર વિસ્તાર કાદવમય બની ગયો છે, જેના કારણે રોજિંદી અવરજવર મુશ્કેલ બની છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ વરસાદ પડતા જ સોસાયટીના રસ્તાઓ પર પાણી ભરાઈ જાય છે અને કાદવના કારણે લપસણું વાતાવરણ સર્જાય છે. ખાસ કરીને બાળકો, મહિલાઓ અને વૃદ્ધોને બહાર નીકળવામાં ભારે મુશ્કેલી પડે છે. અનેક સ્થળે ગંદુ પાણી લાંબા સમય સુધી ભરાઈ રહેતાં મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે, જેના કારણે ડેન્ગ્યુ, મેલેરિયા સહિતના રોગચાળાનો ભય લોકોમાં વ્યાપી રહ્યો છે.

રહીશોએ નગરપાલિકાના વહીવટ સામે ભારે અસંતોષ વ્યક્ત કર્યો છે. તેમનું કહેવું છે કે તેઓ નિયમિત રીતે તમામ પ્રકારના વેરા ભરે છે, છતાં આજે પણ રોડ જેવી પાયાની સુવિધાથી વંચિત છે. દર વર્ષે ચોમાસામાં આવી જ પરિસ્થિતિ સર્જાય છે, છતાં સમસ્યાના કાયમી ઉકેલ માટે કોઈ અસરકારક પગલાં લેવામાં આવતા નથી.

સ્થાનિકોએ નગરપાલિકાને સોસાયટીના આંતરિક રસ્તાનું તાત્કાલિક નિર્માણ કરવા, પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા અને મચ્છર નિયંત્રણ માટે ફોગિંગ સહિતની કામગીરી હાથ ધરવાની માંગ કરી છે.

છ મહિનાથી તૂટેલા RCC રોડનું તાત્કાલિક ધોરણે સમારકામ શરૂ

(પ્રતિનિધિ) પાવીજેતપુર તા.26

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર ખાતે નેશનલ હાઈવે નં. 56 પર રેલવે ગરનાળા પાસે માત્ર છ મહિનામાં જ તૂટી ગયેલા RCC રોડના સમાચાર પ્રકાશિત થતાં તંત્ર હરકતમાં આવ્યું છે. રસ્તાના સમારકામની કામગીરી શરૂ કરાઈ છે, પરંતુ તેની ગુણવત્તા સામે સવાલો ઊભા થયા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ વરસાદી પાણી ભરાયેલા ખાડાઓમાંથી પાણી કાઢ્યા વિના જ તેમાં મટિરિયલ નાખીને સમારકામ કરવામાં આવી રહ્યું છે. આવી કામગીરી ટકાઉ નહીં રહે અને માત્ર દેખાવ પૂરતી હોવાનું લોકો આક્ષેપ કરી રહ્યા છે.

લાખોના ખર્ચે બનેલો રોડ ટૂંકા સમયમાં જ બિસ્માર બનતાં લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ નિયમો મુજબ ગુણવત્તાસભર સમારકામ કરવાની માંગ કરી છે. સાથે જ ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર નિરીક્ષણ કરીને જવાબદારો સામે કાર્યવાહી કરે તેવી પણ માંગ ઉઠી છે.

લિફ્ટમાં ફસાયેલા યુવકને દરવાજો તોડી સલામત રીતે બહાર કઢાયો

ટેકનિકલ ખામી સર્જાતાં લિફ્ટ બે માળ વચ્ચે અટકી; ફાયર બ્રિગેડની સમયસૂચકતાથી યુવકનો આબાદ બચાવ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા વાસણા-ભાયલી રોડ પર ગુરુવારે એક દુર્ઘટના સામે આવી હતી, જેમાં એક બિલ્ડિંગની લિફ્ટ અચાનક ટેકનિકલ ખામીના કારણે વચગાળાના માળે બંધ થઈ જતાં એક યુવક અંદર ફસાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ લિફ્ટનો દરવાજો તોડીને યુવકને સુરક્ષિત બહાર કાઢ્યો હતો.

મળતી માહિતી મુજબ, વાસણા-ભાયલી રોડ સ્થિત એપાર્ટમેન્ટમાં યુવક લિફ્ટનો ઉપયોગ કરી રહ્યો હતો ત્યારે અચાનક વીજ પુરવઠો ખોરવાઈ જવાથી કે ટેકનિકલ ખામી સર્જાતા લિફ્ટ બે માળની વચ્ચે અટકી પડી હતી. લિફ્ટ બંધ થઈ જતાં યુવકે બૂમાબૂમ કરી મૂકી હતી અને એલાર્મ વગાડી સ્થાનિકોને જાણ કરી હતી. અંદર ગૂંગળામણ થવાની ભીતિ હોવાથી સ્થાનિકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને કોલ કર્યો હતો.

ઘટના સ્થળે દોડી આવેલી ફાયર બ્રિગેડની રેસ્ક્યુ ટીમે પ્રાથમિક તબક્કે લિફ્ટની મેન્યુઅલ સિસ્ટમથી દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સફળતા ન મળતા આખરે સ્પેશિયલ ટૂલ્સ વડે લિફ્ટનો દરવાજો તોડવાની ફરજ પડી હતી. સદનસીબે, ફાયર ટીમની સમયસૂચકતા અને ઝડપી કામગીરીને કારણે યુવકને સહીસલામત રીતે બહાર કાઢી લેવાયો હતો, જેથી સ્થાનિકો અને પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. ફાયર વિભાગે ઘટનાના અનુસંધાને બિલ્ડિંગ સંચાલકોને લિફ્ટનું નિયમિત મેન્ટેનન્સ, ઈમરજન્સી સિસ્ટમની ચકાસણી અને સમયાંતરે સુરક્ષા ઓડિટ કરાવવાની સલાહ આપી છે.

કલાલી સંતોષીનગર નજીકથી ૩.૫ ફૂટના બેબી મગરનું રેસ્ક્યુ

(પ્રતિનિધિ)વડોદરા,તા.26

છેલ્લા બે દિવસથી પડી રહેલા ધોધમાર વરસાદના કારણે વડોદરાના કલાલી વિસ્તારમાં આવેલા સંતોષી નગરની બાજુના ગ્રાઉન્ડમાં મોટા પ્રમાણમાં પાણી ભરાઈ ગયા હતા. શનિવારે સાંજે સ્થાનિક લોકોએ પાણીમાં હલચલ જોઈ તો આશરે 3.5 ફૂટ લાંબુ મગરનું બચ્ચું ત્યાં હાજર હોવાનું ધ્યાનમાં આવ્યું. ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક શ્રી સાંઈ દ્વારકા માઈ ચેરીટેબલ ટ્રસ્ટના જયેશભાઈનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જાણ થતાંની સાથે જયેશભાઈ પોતાની રેસ્ક્યૂ ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ટીમે ખૂબ જ સાવધાની અને વ્યાવસાયિક રીતે કામગીરી કરીને મગરના બચ્ચાને કોઈ નુકસાન ન થાય તે રીતે સુરક્ષિત રીતે પકડી લીધું હતું. રેસ્ક્યૂ દરમિયાન આસપાસના લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી. ટીમે લોકોને સુરક્ષિત અંતર જાળવવા અપીલ કરી હતી. આશરે 20 મિનિટની મહેનત બાદ મગરના બચ્ચાને કાબૂમાં કરવામાં આવ્યું હતું. રેસ્ક્યૂ બાદ તુરંત જ વન વિભાગના શૈલેષભાઈનો સંપર્ક કરવામાં આવ્યો હતો. વન વિભાગની ટીમને સ્થળ પર બોલાવીને આગળની કાયદેસરની કાર્યવાહી અને યોગ્ય નિવાસસ્થાનમાં પુનઃસ્થાપન માટે મગરના બચ્ચાને તેમને સોંપી દેવામાં આવ્યું હતું. સંસ્થાના આગેવાન જયેશભાઈએ જણાવ્યું કે, વરસાદના કારણે વિશ્વામિત્રી અને તેની આસપાસના નીચાણવાળા વિસ્તારોમાંથી સરિસૃપો શહેરી વિસ્તાર તરફ આવી જતા હોય છે. નાગરિકોએ પાણી ભરાયેલા ગ્રાઉન્ડ, ખાડા અને ઝાડીવાળા વિસ્તારથી દૂર રહેવા જણાવાયુ હતુ.

વડોદરાની SSG હોસ્પિટલના NICU વિભાગનો ચમત્કાર

એક કિલોથી ઓછા વજનની પ્રિ-મેચ્યોર ત્રિપુટીએ જીવંત જંગ જીતી મેળવ્યું નવું જીવન

(પ્રતિનિધિ), વડોદરા. તા.26

વડોદરાની સયાજી હોસ્પિટલ અને મેડિકલ કોલેજના એક્સ્ટ્રામ્યુરલ એન.આઈ.સી.યુ. વિભાગમાંથી એક અત્યંત પ્રેરણાદાયી અને ગર્વ લેવા જે કિસ્સો સામે આવ્યો છે. માત્ર ૨૮ થી ૩૦ અઠવાડિયાના ગર્ભસમય અને ૧ કિલો કરતાં પણ ઓછા વજન સાથેજન્મેલા ત્રિપુટી (ત્રણ બાળકો) એ તબીબી ક્ષેત્રે ચમત્કાર સર્જીને સફળતાપૂર્વક નવજાત શિશુઓની સંભાળ બાદ તંદુરસ્ત હાલતમાં હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ મેળવ્યો છે.

ઘટનાની વિગત મુજબ, ત્રણ નવજાત બાળકોનો જન્મ પ્રાઇવેટ હોસ્પિટલમાં સામાન્ય પ્રક્રિયા દ્વારા થયો હતો. જન્મના માત્ર છઠ્ઠા કલાકે જ અત્યંત ગંભીર અને જટિલ પરિસ્થિતિમાં આ ત્રણેય બાળકોને અદ્યતન તબીબી સારવાર માટે સયાજી હોસ્પિટલના એક્સ્ટ્રામ્યુરલ એન.આઈ.સી.યુ. માં રીફર કરવામાં આવ્યા હતા. ત્રણેય બાળકો અત્યંત પ્રિ-મેચ્યોર અને અતિશય ઓછા વજન ધરાવતા હતા, જેમાં બાળ ૧ નું વજન ૯૮૦ ગ્રામ, બીજા બાળકનું વજન ૯૪૫ ગ્રામ અને ત્રીજા બાળક નું વજન માત્ર ૯૦૦ ગ્રામ હતું.

જન્મ બાદ ત્રણેય બાળકોને રેસ્પિરેટરી ડિસ્ટ્રેસ સિન્ડ્રોમની ગંભીર સમસ્યા હતી, જેના કારણે શ્વાસ લેવામાં ભારે તકલીફ પડતી હતી. તબીબોની કુશળ ટીમે તાત્કાલિક ધોરણે પગલાં લઈને બાળકોને વેન્ટિલેટર અને ત્યારબાદ સી.પી.એ.પી. સપોર્ટ પર રાખ્યા હતા. બાળકોની ક્રેનિયલ અલ્ટ્રાસાઉન્ડ તપાસમાં ત્રણેયમાં ગ્રેડ-૧ જર્મિનલ મેટ્રિક્સ હેમરેજ જોવા મળ્યો હતો. આ ઉપરાંત, બાળ એક અને ત્રણ ને આંખોની ગંભીર બીમારી 'થ્રેશહોલ્ડ આર.ઓ.પી.' વિકસિત થઈ હતી, જેની સમયસર એન્ટિ-વી.ઇ.જી.એફ. થેરાપી દ્વારા સફળ સારવાર કરવામાં આવી હતી, જ્યારે બાળ 'બી' માં સ્ટેજ-૨ આર.ઓ.પી. હોવાથી તેની કાળજીપૂર્વક કન્ઝર્વેટિવ સારવાર કરાઈ હતી.

વિદ્યાર્થીઓના મુદ્દે સ્પોટલાઇટ મેળવવાનો પ્રયાસ, પરંતુ જંતર-મંતરનો પડદો વહેલો પડી જતાં આખો શો અધૂરો રહી ગયો



કેટલાક લોકોને દરેક આંદોલનમાં જનહિત કરતાં કેમેરાનો એંગલ વધુ મહત્વનો લાગતો હોય છે. વિદ્યાર્થીઓના પ્રશ્નોને લઈને દિલ્હીમાં ચાલી રહેલા આંદોલન દરમિયાન પણ શહેરમાં કેટલાક 'સ્વયંઘોષિત ચહેરાઓ'એ જાણે પોતાનો રાજકીય ટ્રેલર લોન્ચ કરવાની તૈયારી કરી લીધી હતી.

મંચ પરથી મોટી-મોટી જાહેરાતો, દિલ્હી કૂચના એલાન અને "હવે તો ઈતિહાસ રચાશે" જેવા સંદેશાઓ વચ્ચે જાણે આખી સ્ક્રિપ્ટ તૈયાર હતી. પરંતુ ક્યારેક હકીકત સ્ક્રિપ્ટ પ્રમાણે ચાલતી નથી. દિલ્હી પહોંચે તે પહેલાં જ જંતર-મંતર પરનું આંદોલન પૂર્ણ થતાં આખા પ્લાનની હવા નીકળી ગઈ.

વિદ્યાર્થીઓના મુદ્દા કરતાં પોતાનું નામ વધુ ચમકે તેવી આશા રાખનારાઓ માટે આ ઘટનાએ કડવો પાઠ છોડી દીધો. જે સફર "હીરોની એન્ટ્રી"થી શરૂ થવાની હતી, તે "શો કેન્સલ"ના બોર્ડ સાથે જ પૂરી થઈ ગઈ.

હવે શહેરમાં લોકો વચ્ચે એવી ચર્ચા છે કે જનહિતના મુદ્દાઓને પબ્લિસિટીનું સાધન બનાવવાના પ્રયાસો લાંબા સમય સુધી ટકતા નથી. સોશિયલ મીડિયા અને રાજકીય વર્તુળોમાં પણ આ ઘટનાને લઈને વ્યંગાત્મક ટિપ્પણીઓ થઈ રહી છે કે, "આંદોલન તો પૂરું થઈ ગયું, હવે ફોટો ક્યાં પડાવવાના?"

આ આખી ઘટનાએ ફરી એક વખત યાદ અપાવ્યું છે કે વિદ્યાર્થીઓના પ્રશ્નો કોઈની વ્યક્તિગત બ્રાન્ડિંગનું પ્લેટફોર્મ નહીં, પરંતુ ગંભીરતાથી ઉકેલ માંગતા જાહેર મુદ્દાઓ છે.

મને શું? મારું શું? 'થી 'સૌ સાથે' સુધી... કટાક્ષના કીબોર્ડથી પ્રચારના મેદાન સુધીની સફર!



રાજકારણમાં ક્યારે કોણ કઈ ભૂમિકામાં જોવા મળે તેની આગાહી હવે હવામાન વિભાગ પણ ન કરી શકે! ગઈકાલ સુધી સોશિયલ મીડિયામાં શબ્દોના બાણ છોડીને તંત્રને ઘેરનારા એક કટાક્ષવીર નેતા આજે ઉમેદવાર સાથે ખભેખભો મિલાવીને મતદારોના દરવાજે પહોંચતા જોવા મળતાં કાર્યકરોમાં ચર્ચાનો માહોલ છે.

ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

એક સમય હતો જ્યારે પાણીના પ્રશ્નોથી લઈને ગંદા પાણી, ભૂતિયા કનેક્શન, 24×7 પાણી યોજના, તળાવો, પાઇપલાઈન અને આજવા સરોવર સુધીના સવાલોથી સોશિયલ મીડિયા ગરમ રહેતું હતું. દરેક પોસ્ટમાં જાણે તંત્ર માટે પ્રશ્નપત્ર તૈયાર થતું. તે દિવસોમાં સૌથી લોકપ્રિય લાઇન હતી - "મને શું? મારું શું?માંથી બહાર આવો."

સમયનું ચક્ર એવું ફર્યું કે હવે એ જ નેતા "મને શું?"માંથી સીધા "અમારા ઉમેદવારને મત આપો" સુધી પહોંચી ગયા હોય એવી ચર્ચા છે. જે હાથમાં ક્યારેક પ્રશ્નોની યાદી હતી, તે જ હાથમાં હવે પ્રચારની પત્રિકાઓ જોવા મળી રહી છે.

કાર્યકરોમાં પણ બે મત છે. કેટલાક કહે છે કે પક્ષની શિસ્ત સર્વોપરી, તો કેટલાક હળવી ટિપ્પણી કરે છે કે "રાજકારણમાં કાયમી વિરોધી નથી, કાયમી તો માત્ર તક હોય છે!"

સોશિયલ મીડિયામાં કટાક્ષની તલવાર ચલાવનાર હવે પ્રચારના મંચ પરથી તાળીઓ પડાવી રહ્યા છે. પરિણામે શહેરના રાજકીય વર્તુળોમાં એક જ સવાલ ગુંજી રહ્યો છે...

"રાજકારણમાં આખરે પોસ્ટ મોટી કે પોઝિશન? સિદ્ધાંત મોટા કે સીટ?'

હોદ્દાનું બોર્ડ, લોન અને લોજિક! મધ્ય ગુજરાતના ધારાસભ્યની કારના વાયરલ વીડિયોએ અનેક સવાલો ઊભા કર્યા



મધ્ય ગુજરાતના એક ધારાસભ્યની કારને કથિત રીતે લોન રિકવરી માટે રોકવામાં આવી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં રાજકીય અને સામાજિક વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

ઘટના બાદ ધારાસભ્ય અને સંબંધિત ફાઇનાન્સ કંપનીએ સ્પષ્ટતા કરી કે કારનો કોઈ હપ્તો બાકી નહોતો અને કાર રોકનાર કર્મચારીઓને તો પહેલાથી જ નોકરીમાંથી દૂર કરવામાં આવ્યા છે. પરંતુ આ સ્પષ્ટતા પછી પણ ચર્ચાઓ અટકતી નથી.

સૌથી મોટો સવાલ તો એ છે કે કાર પર સ્પષ્ટપણે 'MLA Gujarat'નું લાલ બોર્ડ લાગેલું હોવા છતાં રિકવરી ટીમે કાર રોકવાનો નિર્ણય કેવી રીતે લીધો? શું તેમને વાહનની ઓળખ નહોતી? કે પછી કોઈ અન્ય ગેરસમજ હતી?

બીજો સવાલ એ પણ ચર્ચાઈ રહ્યો છે કે જો ખરેખર કોઈ ગંભીર ભૂલ થઈ હતી, તો કાયદેસરની કોઈ કાર્યવાહી કેમ જોવા મળી નહીં?

હવે રાજકીય વર્તુળોમાં હળવી ટિપ્પણીઓ થઈ રહી છે કે...

"જો ધારાસભ્યની કાર પણ રસ્તા પર રોકાઈ શકે, તો સામાન્ય નાગરિકની સ્થિતિ શું હશે?"

અને સાથે એક વધુ સવાલ ગુંજી રહ્યો છે...

"આખી ઘટના માત્ર ગેરસમજ હતી કે પછી હજુ પણ પડદા પાછળ કંઈક એવું છે, જે બહાર આવવાનું બાકી છે?"

આ વાયરલ ઘટનાએ હકીકત કરતાં વધુ પ્રશ્નો ઊભા કર્યા છે, જેના જવાબોની રાહ હવે સૌ જોઈ રહ્યા છે.

૧૪૫-માંજલપુર વિધાનસભા પેટા ચૂંટણી-૨૬ અંતર્ગત પોલીસ વિભાગના અધિકારી/કર્મચારીઓનુ સુવિધા કેન્દ્ર ધ્વારા મતદાન

વડોદરા : આગામી ૧૪૫-માંજલપુર વિધાનસભા પેટા ચૂંટણી-૨૦૨૬ અંતર્ગત પોલીસ વિભાગના ચુંટણી ફરજ પર રોકાયેલ હોય અને ૧૪૫-માંજલપુર વિધાનસભા મતિવભાગના મતદાર હોય તેવા કર્મચારી/અધિકારીઓ ધ્વારા પોલીસ વિભાગના પોસ્ટલ બેલેટ નોડલ ઓફીસર મારફત ટપાલ મતપત્રથી મતદાન કરવા અર્થે નિયત નમુનાના ફોર્મ-૧૨માં ચૂંટણી અધિકારી, ૧૪૫-માંજલપુર વિધાનસભા મતદાર વિભાગ અને નાયબ કલેકટર (જમીન સુધારણા), વડોદરાને રજુ કરેલ. આ પોલીસ વિભાગના કુલ ૧૬૫ કર્મચારી/અધિકારીઓ માટે કોમ્પ્યુટર ટ્રેનીંગ હોલ, પોલીસ તાલીમ કેન્દ્ર, પોલીસ હેડ કવાર્ટર, પ્રતાપનગર, વડોદરા ખાતે સુવિધા કેન્દ્ર ઉભુ કરવામાં આવેલ. જે સુવિધા કેન્દ્ર પર તા.૨૫/૦૭/૨૦૨૬ના રોજ મતદાન કરાવવા અંગેનુ આયોજન કરવામાં આવેલ. આ મતદાનની પ્રક્રિયામાં કુલ ૧૬૫માંથી ૧૫૨ પોલીસ વિભાગના કર્મચારી/અધિકારીઓએ મતદાન કરેલ છે.

ગૌ.વા. વિઠ્ઠલભાઈ રાદડિયાની પુણ્યતિથિ નિમિત્તે ગોરવામાં મહા રક્તદાન શિબિર

(પ્રતિનિધિ)વડોદરા,તા.26

સમસ્ત લેઉવા પટેલ સમાજના સામાજિક, રાજકીય અને સહકારી ક્ષેત્રના અગ્રણી આગેવાન સ્વર્ગસ્થ ગૌ.વા. વિઠ્ઠલભાઈ રાદડિયાની સાતમી પુણ્યતિથિના અવસરે તેમના સ્મરણાર્થે મહા રક્તદાન શિબિરનું સૌરાષ્ટ્ર લેવા પટેલ સમાજ ગોરવા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં જેતપુરના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી રક્તદાતાઓને પ્રોત્સાહિત કરી જણાવ્યું કે. રક્તદાન એ માનવતાની સૌથી શ્રેષ્ઠ અને નિઃસ્વાર્થ સેવા છે. એક વ્યક્તિ દ્વારા આપવામાં આવેલું રક્ત અકસ્માતગ્રસ્ત, ગંભીર બીમારીથી પીડિત દર્દી, પ્રસૂતિ દરમિયાન માતા અથવા સર્જરી હેઠળના દર્દીને નવું જીવન આપી શકે છે. રક્તનું કોઈ કૃત્રિમ ઉત્પાદન ઉપલબ્ધ નથી, તેથી સ્વૈચ્છિક રક્તદાન જ જીવન બચાવવાનો એકમાત્ર વિશ્વસનીય માર્ગ છે.

વરસાદની આફતમાં માનવતા મહેકી, જરૂરિયાતમંદોને ભોજન-કપડા અપાયા

(પ્રતિનિધિ)વડોદરા,તા.26

સમગ્ર ગુજરાતમાં સતત અને ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. સતત વરસી રહેલા વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. લોકોને પોતાના ઘરોમાંથી બહાર નીકળવામાં તકલીફ પડી રહી છે, ત્યારે આવી વિકટ પરિસ્થિતિમાં સમાજના વિવિધ સેવાભાવી સંગઠનો દ્વારા માનવતાની મિસાલરૂપ કામગીરી કરવામાં આવી રહી છે.

આ માનવસેવાના પવિત્ર કાર્યમાં ભવ્ય એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ, તરલિકા હેલ્થ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ તથા સંભવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંયુક્ત રીતે રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. વરસાદથી પ્રભાવિત અને જરૂરિયાતમંદ પરિવારો સુધી સીધા પહોંચી તેમને તાજું ભોજન તેમજ ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વડોદરામાં ૨૭મા કારગિલ વિજય દિવસે શહીદોને ભાવાંજલિ અર્પણ

(પ્રતિનિધિ)વડોદરા,તા.26

26 જુલાઈ ભારતના ઈતિહાસનો ગૌરવપૂર્ણ દિવસ. વર્ષ 1999માં ભારતીય સેનાએ કારગિલ યુદ્ધમાં અદમ્ય શૌર્ય અને પરાક્રમનું પ્રદર્શન કરીને પાકિસ્તાનને પરાજય આપ્યો હતો. દુર્ગમ અને બરફાચ્છાદિત શિખરો પર દુશ્મનના કબજાને હટાવી ભારતે ઐતિહાસિક વિજય હાંસલ કર્યો હતો. આ જ વિજયની યાદમાં દર વર્ષે 26 જુલાઈએ સમગ્ર દેશમાં કારગિલ વિજય દિવસ ઉજવવામાં આવે છે. વડોદરા શહેરમાં પણ ગાંધીનગર ગૃહ ખાતે 27મા કારગિલ વિજય દિવસની ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત શહીદ જવાનોને પુષ્પાંજલિ અને મૌન પાળીને શ્રદ્ધાંજલિ અર્પણ સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ગાંધીનગર ગૃહથી ભવ્ય તિરંગા યાત્રા નીકળી હતી. આ યાત્રા ન્યાય મંદિર, પદ્માવતી શોપિંગ સેન્ટર સહિત શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ફરી ગાંધીનગર ગૃહ ખાતે પૂર્ણ થઈ હતી.

રિક્ષા ચાલક યુનિયન દ્વારા રિક્ષા ડ્રાઇવરો માટે BLS અને CPR તાલીમ સત્ર યોજાયું

(પ્રતિનિધિ)વડોદરા,તા.26

વડોદરા શહેર જિલ્લા રિક્ષા ચાલક યુનિયન, વડોદરા ટ્રાફિક પોલીસ અને એક ખાનગી હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે વડોદરા શહેરના રિક્ષા ડ્રાઈવરો માટે બેઝિક લાઈફ સપોર્ટ બીએલએસ અને સીપીઆર તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ શહેરના રસ્તાઓ પર અકસ્માત કે તબિયત લથડવાની ઘટના બનતા તાત્કાલિક પ્રથમ સહાય આપી શકાય તે માટે ડ્રાઈવરોને સજ્જ કરવાનો હતો. તાલીમ સત્રમાં યુનિયન પ્રમુખ બિલાલ પરમાર સહિત મોટી સંખ્યામાં ઓટો ડ્રાઈવરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તબીબો અને નિષ્ણાતો દ્વારા તેમને હૃદય બંધ પડી જવા, શ્વાસ રૂંધાવા અને માર્ગ અકસ્માત જેવી કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક શું પગલાં લેવા, સીપીઆર કેવી રીતે આપવું અને એમ્બ્યુલન્સ આવે ત્યાં સુધી દર્દીને કેવી રીતે સ્થિર રાખવો તેની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી.